દાખલ તારીખ ઃ–૨૬/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ–૨૬/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ–૦૭/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ–વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૦૯

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

## પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**<u>ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ– ૧૭૦/૨૦૨૬.</u>**

આંક ઃ– ૦૯.

***અરજદાર*** ઃ– વિનોદકુમાર લાલજીભાઈ પટેલ.
ઉ. વ. આ. – ૪૯, ધંધો – સંતોષ ગૌશાળા,
એ/૬૫, ગ્રીનપાર્ક વિ. ૨,
મોઢેરા ચાર રસ્તા, મહેસાણા.

**વિરૂદ્ધ**

***સામાવાળા*** ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત ઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજ.

*****************************************

// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ.જી.શાહ //

// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી જે.જે.બારોટ //

*****************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપી ચાણસ્મા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૬૨૬૦૧૭૩/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ – ૪(૩), ૫ તથા ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૩૨૯(૩) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીના લેખીત કથન અનુસાર આ કામના અરજદાર/આરોપી ધાણોધરડા મુકામે સંતોષ ગૌશાળા ચલાવી કુટુંબનું ભરણપોષણ કરે છે. અરજદાર વિરૂદ્ધ મહેન્દ્રભાઈ ગોવિંદભાઈ પારેખે કરેલ ફરીયાદ આધારે તલાટી કમ મંત્રીએ ખોટી ફરીયાદ કરેલ છે. અરજદાર /આરોપીની સદર ગુનાના કામે ધરપકડ કરતા તા.૨૫/૦૨/૨૦૨૬ થી જ્યુડી. કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગની થયેલ ફરીયાદો પૈકી એક ફરીયાદ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સ્ટે કરવામાં આવેલ છે. બીજી એક ફરીયાદ સામેની અરજદારની અરજી નામ. સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે, પરંતુ તે કામે એફ.આઈ.આર. રજીસ્ટર થયેલ નથી. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલ નથી અને ધાણોધરડા મુકામે કુટુંબના જુદા જુદા સભ્યોના નામે ૧૦૦ વિઘા જમીન ધરાવે છે. ફરીયાદ મુજબ સરકારી જમીનમાં શનિદેવનું મંદિર ફરીયાદીએ બનાવેલ કે બનાવડાવેલ નથી. મંદિર સાથેનું કોઈપણ બાંધકામ જમીન અરજદારના કબજા ભોગવટામાં કયારેય હતી નહીં, છે નહીં અને તે અંગે અરજદાર/આરોપીએ વારંવાર લેખીતમાં જાણ કરવા છતાં ખોટી ફરીયાદ કરેલ છે. સુરેશ ઝાલાએ સ. નં. ૭૫૯(તલાવડી) સરકારી પડતર જમીનમાં ઘર બનાવેલ છે. સુરેશસિંહ કનુજી ઝાલા અરજદાર વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગના કાયદા હેઠળ ખોટી ફરીયાદો કરે કરાવે છે. અરજદાર/ આરોપીએ કોઈ જમીન પચાવી પાડી હોય તેવું બનેલ નથી. અરજદાર/ આરોપી કુટુંબ સાથે રહે છે, મિલકતો ધરાવે છે, નાસી ભાગી જવા કોઈ કારણ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવાનો થતો નથી. મુળ તકરાર અગાઉ વેચાણ કરી દીધેલ જમીનના ભાવ વધ્યા તે છે. આ

કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે અને નિયમીત કોર્ટમાં મુદતે હાજર રહેશે. જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૦૨) હાલની અરજી રજુ થતા આ કામે સામાવાળા/સરકારને નોટીસ કરતા, આ કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.જે.બારોટ હાજર થયેલ છે.

(૦૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રીની દલીલ એવી છે કે, આ કામે અરજદાર/આરોપી સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ – ૪(૩), ૫ વિગેરે મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીએ ધાણોધરડા, તા. ચાણસ્માના સ. નં. ૮૧૯ ની જમીનમાં બિનઅધિકૃત પ્રવેશ કરી જમીનનો ગેરકાયદેસર કબજો કરેલ નથી. આ કામના અરજદાર/આરોપીએ આ જમીનમાં મંદિર કે કોઈ અનઅધિકૃત બાંધકામ કરેલ નથી. સદર જમીનનો કબજો, ભોગવટો અરજદાર/આરોપી પાસે નથી. સદર જમીન ફરીયાદીની માલિકીની નથી અને સરકારી ગૌચર જમીન છે. અરજદાર/આરોપી તપાસમાં સંપુર્ણ સાથ અને સહકાર આપવા તૈયાર છે. સદરહું કેસ દસ્તાવેજી પુરાવા આધારીત કેસ છે અને તમામ દસ્તાવેજો પોલીસે તપાસના કામે મેળવેલ છે. આ કામના અરજદાર/આરોપીએ ટી.ડી.ઓ. ચાણસ્માને પત્ર લખી સદર જમીન તેઓના કબજા ભોગવટામાં નથી અને તેનો ઉપયોગ ઉપભોગ કરતા નથી અને દબાણ જણાતું હોય તો દુર કરવા અને તેમાં તેઓને કોઈ વાંધો નહીં હોવાનું જણાવેલ છે. સદર જગ્યાએ તલાટીના પંચક્યાસ મુજબ દબાણ દુર થઈ ગયેલ છે. જેથી અરજદાર/આરોપીને તપાસ માટે અટકમાં રાખવા જરૂરી નથી. સદર ગુનાની મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. જેથી અરજદાર/આરોપીની તપાસના કામે પોલીસને જરૂરીયાત નથી. આ કામના અરજદાર/આરોપી ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. સદર કેસની ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે. અરજદાર/આરોપી સ્થાવર, જંગમ મિલકત

ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/ આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૦૪) સદર કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરેલ છે અને એવી દલીલ રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ – ૪(૩), ૫ વિગેરે મુજબનો સરકારી ગૌચર જમીન પચાવી પાડવા અંગેનો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભાગ ભજવેલ છે અને સક્રિય રોલ છે. આ કામના અરજદાર/આરોપીએ સરકારી ગૌચર જમીન ઉપર શનિદેવનું મંદિર બનાવેલ છે તેમજ અન્ય બિનઅધિકૃત બાંધકામ કરી જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી લીધેલ છે. અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરે અને નાસી ભાગી જાય અને ટ્રાયલ સમયે કોર્ટમાં હાજર રહેશે નહીં. જેથી ગુનાની ગંભીરતા તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકત ધ્યાને લઈ આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લીધું. પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. સદર કામે અરજદાર/ આરોપી સામેના ગુનાની હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ ધાણોધરડા, તા. ચાણસ્માના સર્વે નં. ૮૧૯ ની ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરી ગૌચરની જમીનમાં શનિદેવ મંદિર તથા અન્ય અનઅધિકૃત બાંધકામ કરી, જમીનનો કબજો ખાલી નહીં કરી, ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫.૧) આ કામે સામાવાળા/સરકાર તરફે વિ.પી.પી.શ્રીની એવી દલીલ છે કે, આ કામના અરજદાર/આરોપી જામીન ઉપર છુટશે તો

ફરીયાદી, સાહેદોને ધાકધમકી આપવાનો તેમજ ફોડવાનો પ્રયત્ન કરે તેમ છે અને ટ્રાયલ દરમિયાન હાજર રહેશે નહીં અને તેથી ટ્રાયલ વિલંબમાં પડશે તેવી દહેશત વ્યક્ત કરેલ છે, પરંતુ આ બાબતે અત્રેની અદાલત યોગ્ય તે શરતો ફરમાવી શકે તેમ છે. જેથી આ અદાલત વિ. એ.પી.પી. શ્રીની સદર દલીલ સાથે સહમત થતી નથી. વધુમાં આ સંદર્ભે અરજદાર/આરોપી તરફે ટી.ડી.ઓ. ચાણસ્માને ઉદ્દેશીને લખવામાં આવેલ તા.૧૨/૦૧/૨૦૨૬ તથા તા.૦૬/૦૨/૨૦૨૬ ના પત્રો ધ્યાને લેવામાં આવે તો સદર સર્વે નંબર તેઓના કબજા ભોગવટામાં નહીં હોવાનું અને તેનો ઉપયોગ, ઉપભોગ કરતા નહીં હોવાનું અને તેમાં દબાણ જણાતું હોય તો અધિકારી મારફતે દુર કરવા સામે તેઓને વાંધો નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે આંક – ૮ થી તલાટી કમ મંત્રી, ધાણોધરડા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ પંચક્યાસ તેમજ સ્થળ ઉપરના ફોટોગ્રાફસ રજુ થયેલ છે. જે ધ્યાને લેતા સર્વે નં. ૮૧૯ ઉપરનું શનિદેવ મંદિર સાથેનું પાકુ બાંધકામ દુર કરવાની કામગીરી ચાલુ હોવાનું તેમજ અન્ય બિનઅધિકૃત બાંધકામ દુર કરેલ હોવાનું જોવા મળેલ હોવાનું જણાવેલ છે અને ફોટોગ્રાફસ જોતા પણ સદર હકીકતને સમર્થન મળે છે. અરજદાર/આરોપીનો સામેનો આક્ષેપ ધ્યાને લેતા ધાણોધરડા ગામની ગૌચરવાળી જમીનમાં કબજો કરી અનઅધિકૃત બાંધકામ કરી જમીન પચાવી પાડેલ હોવા અંગેનો છે. સદર કામે આંક – ૮ ના પંચક્યાસ જોતા ગેરકાયદેસર બાંધકામ દુર થયેલ હોવાનું જણાઈ આવે છે. આ સંજોગોમાં જામીન અરજીના તબક્કે કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનું ઉચિત જણાય છે. વધુમાં અરજદાર/આરોપી સામેના સદરહું કેસની ટ્રાયલ ચાલી નિકાલ આવતા સમય જાય તેમ છે. અરજદાર/આરોપીનો ગુનાહિત ઈતિહાસ હોવાનું જણાઈ આવતું નથી. આ સંજોગોમાં પણ અરજદાર/આરોપીને વધુ સમય જ્યુડી. કસ્ટડીમાં મુકી રાખવાથી પણ ન્યાયનો હેતુ સરે તેમ નથી. અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે તેમના કુટુંબ સાથે રહેતા હોઈ તેમજ ટ્રાયલ દરમિયાન તેઓની હાજરી મળી રહે તેવી સંભાવના છે. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપીનો રોલ, ગુનાની સજાની જોગવાઈ,

કેસની હકીકત, સંજોગો, ગુનાની ગંભીરતા વિગેરે ધ્યાને લેતા અદાલતને મળેલ વિવેકબુદ્ધિની સત્તા અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવાનું યોગ્ય જણાતું હોઈ, અરજદાર/આરોપીની જામીન અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ અન્વયેની અરજદાર/આરોપીની ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૭૦/૨૦૨૬ ની રેગ્યુલર જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપી વિનોદકુમાર લાલજીભાઈ પટેલ, એ/૬૫, ગ્રીનપાર્ક વિ. ૨, મોઢેરા ચાર રસ્તા, મહેસાણાવાળાને રૂ.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને ચાણસ્મા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૬૨૬૦૧૭૩/૨૦૨૬, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ – ૪(૩), ૫ તથા ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૩૨૯(૩) મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## // શરતો //

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદી ધાણોધરડા ગ્રામ પંચાયતની સદર તકરારી જમીનમાં ભવિષ્યમાં ફરીથી કબજો કરવો નહીં અને ફરીયાદીને સદર જમીનમાં પ્રવેશ કરતા અંતરાય કે અડચણ કરવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં તેમજ ફોડવાનો પ્રયત્ન કરવો

..૭.....

નહીં અને પુરાવા સાથે ચેડા થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં અને જાહેર સુલેહશાંતિ જાળવવી.

(૩) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી અને પાકું, પુરેપુરૂ સરનામું મોબાઈલ નંબર સહીત તપાસ કરનાર અમલદાર, સંબંધીત પોલીસ સ્ટેશન અને જામીન આપતી વખતે સંબંધીત અદાલતમાં આપવું અને તે સરનામામાં કોર્ટની મંજુરી સિવાય ફેરફાર કરવો નહીં.

(૪) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન – ૧૦(દસ) માં સંબંધીત અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું રજુ કરવું.

(૫) અરજદાર/આરોપીએ સક્ષમ અદાલતની મંજુરી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૬) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર અને તપાસ એજન્સીને તપાસમાં સાથ સહકાર આપવાનો રહેશે.

(૭) અરજદાર/આરોપીએ સદર કેસની ટ્રાયલ દરમિયાન સંબંધીત કોર્ટમાં નિયમીતપણે હાજર રહેવું અને ટ્રાયલમાં સાથ સહકાર આપવો.

– અરજદાર/આરોપીની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો તેઓને કસ્ટડી મુક્ત કરવા.

– ***અરજદાર/આરોપીએ જામીન સંબંધીત અદાલતમાં આપવા.***

– **હુકમની યાદી સંબંધીત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ એવમં સ્પેશ્યલ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**

( **BKP** )